હવામાન

| | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| નવસારી | ૩૯.૦° સે. | ૨૭.૦° સે. |
| આહવા | ૪૧.૦° સે. | ૨૪.૦° સે. |
| વલસાડ | ૩૭.૦° સે. | ૨૮.૦° સે. |
| વાપી | ૩૭.૦° સે. | ૨૮.૦° સે. |

## અતુલમાંથી મહિલાની હત્યા કરાયેલી લાશ મળી

**મહિલાના** હાથ પગ બાંધેલી હાલતમાં લાશ મળી આવતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો

વલસાડ : વલસાડના અતુલમાં રેલવે સ્ટેશન નજીકની એક અવાવરૂ વાડીમાંથી મહિલાની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. મહિલાના મૃતદેહ કોહવાઇ ગયો હતો. જેના હાથ પગ બાંધેલી હાલતમાં જોવા મળ્યા હતા. ત્યારે તેની હત્યા કરી તેને અહીં ફેંકી દેવાઇ હોવાનું પ્રાથમિક દ્રષ્ટીએ લાગી રહ્યું છે.

શનિવારની રાત્રે અતુલની એક વાડીમાં મહિલાની કોહવાઇ ગયેલી લાશ મળી આવી હતી. જેને લઇ વલસાડ એસપી યુવરાજસિંહ જાડેજા, એલસીબી પીઆઇ એ. યુ. રોઝ સહિતનો કાફલો ઘટના સ્થળે ધસી ગયો હતો. ત્યાં મહિલાના હાથ અને પગ બાંધેલી હાલતમાં હતe. જેને લઇ પોલીસે તેનો કબજો લઇ તેને સાઇન્ટીફિક પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસ તપાસમાં મહિલાની ઓળખ પણ થઇ શકી નથી. ત્યારે પોલીસ તેની ઓળખ થાય તેની તપાસ પણ કરી રહી છે. આ મહિલાની હત્યા કરી તેની લાશ અહીં મુકી જવાઇ હોવાનું જણાઇ આવ્યું હતું. જેના પગલે પોલીસે તપાસ હાથ ધરી છે.

# બંધ મકાનમાં ધમધમતું જુગારધામ

**જલાલપોર** પોલીસના દરોડામાં ૯ જુગારી ઝડપાયા, રૂપિયા ૫.૭૬ લાખનો મુદ્દામાલ કબજે



નવસારી : જલાલપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બંધ મકાનમાં ચાલી રહેલા ત્રણ પત્તીના જુગારધામ પર પોલીસે દરોડો પાડી ૯ આરોપીઓને ઝડપી પાડતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસે રોકડ રકમ, ૧૦ મોબાઈલ ફોન અને ૬ મોટર સાયકલ સહિત કુલ રૂપિયા ૫,૭૬,૨૭૦નો મુદ્દામાલ કબ્જે કરી ગણનાપાત્ર ગુનો શોધી કાઢ્યો છે.

મળેલી બાતમીના આધારે પોલીસે વિજલપોરના શ્યામનગર વિસ્તારમાં આવેલા નિર્ભય ઉર્ફે અબુ દીપકભાઈ ટંડેલના મકાન પર રેઈડ કરી હતી. દરોડા દરમિયાન અંદર ગોળ કુંડાળું વાળી બેઠેલા ઈસમો પૈસાની હારજીત સાથે ત્રણ પત્તીનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.

પોલીસે તમામ આરોપીઓની તપાસ કરતાં રોકડ રૂપિયા ૪૫,૨૭૦, ૧૦ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧.૩૬ લાખ અને ૬ મોટર સાયકલ કિંમત રૂપિયા ૩.૯૫ લાખ મળી કુલ રૂપિયા ૫.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ તપાસમાં કેટલાક આરોપીઓ અગાઉ પણ જુગાર, પ્રોહિબિશન અને અન્ય ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે. જલાલપોર પોલીસની આ કાર્યવાહી બાદ વિસ્તારમાં ચાલતી ગેરકાયદે જુગાર પ્રવૃત્તિઓ સામે ફરી એકવાર પોલીસ સખત વલણમાં જોવા મળી રહી છે.

### પકડાયેલા આરોપીઓ

ધીરજભાઈ દીપાશંકર દુબે, કરણ જગતરામ કુંભાર, અતુલ ગંગાપ્રસાદ યાદવ, રાજાભૈયા દિનેશકુમાર ચૌધરી, શૈલેન્દ્ર શ્રીનાથ સોનકર, ધીરજકુમાર કમલેશભાઈ સોનકર, રમીઝ ઝાકીરભાઈ પઠાણ, રામસિંહ વિજયસિંહ ચૌધરી અને નિર્ભય ઉર્ફે અબુ દીપકભાઈ ટંડેલ

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરગામના શ્રી અક્રામારુતિ મંદિરના પુન:નિર્માણ માટે ભૂમિપૂજન કરાયું



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ નગરના આસ્થાનું કેન્દ્ર એવા શ્રી અક્રામારુતિ મંદિરના પુન :નિર્માણ માટે ભૂમિ પૂજન શિલાન્યાસ કાર્યક્રમ રવિવારે યોજાયો હતો. આ અવસરે રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ, ઉમરગામ તાલુકાના ધારાસભ્ય રમણભાઈ પાટકર અને વલસાડ જિલ્લાના સાંસદ ધવલ પટેલે ઉપસ્થિતિ આપી હતી. ઉમરગામ તાલુકાના પુનાટ અખંડાનંદ આશ્રમના શ્રી મહંત સચિવ અખંડાનંદ સરસ્વતી મહારાજ તેમજ શ્રી મહામંડલેશ્વર જયાનંદ સરસ્વતી મહારાજ ઉપસ્થિત રહીને ભક્તજનોને આશીર્વાદ આપ્યા હતા. શ્રી અકરા મારૂતિ મંદિર ટ્રસ્ટના પ્રમુખ આશિષભાઈ તન્નાએ મંદિરના પુન: નિર્માણ પ્રસંગે ભૂમિપૂજન કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનું હૃદય પૂર્વક હાર્દિક સ્વાગત કર્યું હતું અને જણાવ્યું હતું કે આ મંદિર ખૂબ જ પુરાણિક સ્વયંભૂ પ્રગટેલા હનુમાન દાદાનું બહુ પ્રાચીન મંદિર છે. મંદિરની ઈમારત જર્જરિત થઈ જતા ટ્રસ્ટ દ્વારા આ મંદિરના પુન:નિર્માણ કરવાનું નક્કી થયું હતું અને આ મંદિરના પુન: નિર્માણ પાછળ રૂપિયા 9 કરોડનો ખર્ચ કરવામાં આવશે. સેવાભાવી દાતા મુરલીભાઈ વર્મા અને તેમના પરિવાર દ્વારા મંદિરના પુન:નિર્માણ માટે રૂપિયા 51 લાખનો ચેક શ્રી અકરા મારૂતિ મંદિર ટ્રસ્ટને અર્પણ કરવામાં આવ્યો હતો.

### સાદડવેલમાં યુવકને માર મારવાના બનાવમાં ચાર સામે ગુનો

ઘેજ : સાદડવેલ ગામે યુવકને માર મારવાના બનાવમાં પોલીસે ચાર જેટલા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના સાદડવેલ વાવ ફળીયા ખાતે રહેતા વિમલ પટેલે ગામના ગોડાઉન ફળીયા ખાતે રહેતા મિત્રએ કોર્ટ મેરેજ કરતા જેમાં સાક્ષી તરીકે સાઇન કરી હતી. જે અદાવત રાખી છોકરીના પરિવારના વિપુલ પટેલ, જીતેન્દ્ર ઉર્ફે જીતુભાઇ પટેલ, બ્રિજેશ પટેલ તથા સુરેશ પટેલ (તમામ રહે. સાદડવેલ તા.ચીખલી જી.નવસારી) એ વિમલ પટેલના ઘરે જઇ અમારી છોકરીએ દેસાઇ ફળિયાના મિલન પટેલ સાથે કોર્ટ મેરેજ કરેલા હતા જેમાં સાક્ષી તરીકે વિમલે સહી કરેલી છે. જેથી આ છોકરીને પાછી અમારા ઘરે લાવી આપવાની જવાબદારી વિમલની રહેશે હોવાનું જણાવી જયાબેન પટેલ પણ મારમારી જો છોકરીને નહીં લાવી આપશો તો તમને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતા બનાવ અંગેની ફરિયાદ જયાબેન પટેલ (ઉ.વ-૩૮) (રહે.સાદડવેલ વાવ ફળીયા તા.ચીખલી) એ કરતા પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-આર.એન.વાડલે કરી રહ્યા છે.

### વાપી રેલવે સ્ટેશનથી મોબાઈલ ચોરી કરનાર ઝડપાયો

વાપી : વાપી રેલવે પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી રેલવે સ્ટેશન પર ગુડ્ડુ ધનકિશોર મંડળ (ઉં.19, રહે. ડુંગરી ફળિયા, વાપી) પૂર્વ તરફના બુકીંગ ઓફિસ પર સૂતેલો હતો અને તે સમયે તેનો મોબાઈલ ફોન ચોરી થયો હોવાની જાણ તેણે આરપીએફ ઓફિસ પર કરી હતી. ત્યારબાદ પોલીસ ટીમ દ્વારા સીસીટીવી કેમેરા તપાસ કરતા શંકાસ્પદ ઈસમ રવિ જવાહરીલાલ (ઉં.24, રહે. રામનગર, વાપી) નજરે પડતા પોલીસે તેને પકડી અંગઝડતી કરતા મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જે અંગે તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. પોલીસ તપાસ કરતા આ મોબાઈલ ફોન તેણે ઈસ્ટ બુકિંગ ઓફિસ પાસે સૂતેલા ઈસમનો ચોરી કર્યો હતો. ત્યારબાદ ફરિયાદીએ મોબાઈલ ફોન પોતાનો હોવાનું જણાવ્યું હતું. આ મામલે વાપી રેલવે પોલીસે ફરિયાદ નોંધી હતી.

### ચીખલીના બલવાડામાં બીમારીથી કંટાળી આધેડનો આપઘાત

ઘેજ : ચીખલીના બલવાડા ગામના શખ્સે માનસિકની બીમારીથી કંટાળી જઇ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતુ. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના બલવાડા નિશાળ ફળીયા ખાતે રહેતા વિજય ભાણાભાઇ કોળી પટેલ (ઉ.વ-૫૮) ને છેલ્લા ઘણા દિવસથી માનસિક બીમારીથી પીડાતા હતા. બપોરના સમયે ઘરની બાજુમાં કોઢારામાં છતના લાકડા સાથે ભૂરા કલરની નાયલોનની દોરી વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા બનાવ અંગેની ફરિયાદ મરનારના પુત્ર સંદીપ વિજયભાઇ પટેલ (ઉ.વ-૩૪) એ કરતા પોલીસ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-એફ.એચ.પટેલ કરી રહ્યા છે.

### વાપી છીરીથી બાઈક લઈને નીકળેલો યુવક ગુમ થયો



વાપી : વાપી નજીકના છીરીથી બાઈક લઈને યુવક કંપનીમાં જાઉ છું કહી નીકળ્યા બાદ ઘરે પરત થયો ન હતો. મૂળ મહારાષ્ટ્ર અને હાલ વાપી નજીકના છીરી ગામ, દેસાઈવાડ, સનસાઈન સીટીમાં પાંડુરંગ હરી મરાઠે (ઉં.53) રહે છે. તેમનો પુત્ર રાહુલ (ઉં.23) ગત તા.14-5-26 ના રોજ સવારે દશેક વાગ્યાની આસપાસ ઘરેથી બાઈક લઈને વાપી જીઆઈડીસી સ્થિત એન.આર.અગ્રવાલ કંપનીમાં જાઉ છું કહી નીકળ્યો હતો. જે નિયત સમયે પરત ફર્યો ન હતો. પરિવારજનોએ તેની શોધખોળ કર્યા બાદ કોઈ ભાળ ન મળતા પિતા પાંડુરંગે વાપી ડુંગરા પોલીસ મથકમાં પુત્ર ગુમ થયાની જાણ કરી હતી. ગુમ થનાર રાહુલ શરીરે મજબૂત બાંધો, રંગે શ્યામ, ઊંચાઈ આશરે પાંચ ફૂટ આંઠ ઈંચ છે અને તેઓ ગુજરાતી, હિન્દી અને મરાઠી ભાષા સમજે છે. જો કોઈને માહિતી કે પત્તો મળે તો વાપી ડુંગરા પોલીસ અથવા નજીકના પોલીસ મથકનો સંપર્ક સાધવો.

### શ્રી સત્ય સાંઈ સ્કૂલ ઓફ નર્સિંગ ખાતે આંતરરાષ્ટ્રીય નર્સિંગ-ડે ની ઉજવણી




નિલેશ કાપડિયા

વાંસદા : શિવમ્ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સત્ય સાંઈ સ્કૂલ ઓફ નર્સિંગ ખાતે આંતરરાષ્ટ્રીય નર્સિંગ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત શિવમ્ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. કમલેશસિંહ ઠાકોર દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ નર્સ તરીકેના પોતાના વિચારો અને અભિપ્રાયો રજૂ કર્યા હતા. ત્યારબાદ ડો. કમલેશ ઠાકોરના હસ્તે કેક કટીંગ કરી તમામ વિદ્યાર્થીઓને નર્સેસ-ડે ની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે International Nurses Day-2026 ની થીમ "Our Nurses. Our Future. Empowered Nurses Save Lives" આધારિત પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓને ધનલક્ષ્મી મેડમ (સી. આર.સી. હનુમાનબારી) ના હસ્તે ઇનામ અને સર્ટિફિકેટ અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શાળાના આચાર્ય હર્ષાબેન, નર્સિંગ કોલેજના આચાર્ય દામિનીબેન તેમજ સમગ્ર નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# વાપીમાં ૨૦મી મેના રોજ કેમિસ્ટોની એક દિવસીય પ્રતિક હડતાળ

**ઓનલાઈન** તથા ભેળસેળયુક્ત દવાઓના વેચાણના વિરોધમાં હડતાળ પાડશે

વાપી : વાપીમાં ઓનલાઈન દવાનું વેચાણ તથા નકલી અને ભેળસેળ યુક્ત દવાઓના વેચાણના વિરોધમાં 20મી મેના રોજ એક દિવસની પ્રતિક હડતાલમાં વાપી વિભાગ કેમિસ્ટ એસોસિએશનના સભ્યો જોડાશે.

વાપી વિભાગ કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ મિતેશ શાહ અને સેક્રેટરી મિતેશ દેસાઈના જણાવ્યા મુજબ સમગ્ર દેશમાં અને ગુજરાત તથા વાપી વિભાગમાં ઓનલાઈન દવાના વેચાણ તેમજ બજારમાં વધી રહેલી નકલી અને ભેળસેળયુક્ત દવાઓના વેચાણના વિરોધમાં ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટની સૂચના અને આદેશ અનુસાર આ એક દિવસીય પ્રતિક હડતાળ કરવામાં આવી રહી છે. વાપી પંથકમાં મેડિકલ સ્ટોર ધરાવતા અને દવાનો હોલસેલ વેચાણ કરનાર એક કેમિસ્ટ એસોસિએશનના આગેવાનોના જણાવ્યા અનુસાર, ઓનલાઈન દવાના વેચાણને કારણે નાના અને મધ્યમ સ્તરના દવા વેપારીઓ પર આર્થિક અસર પડી રહી છે. સાથે જ કેટલાક ઓનલાઈન માધ્યમો દ્વારા નિયમોનું પાલન કર્યા વિના દવાઓનું વેચાણ થતું હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. બીજી તરફ બજારમાં નકલી અને ભેળસેળયુક્ત દવાઓના વધતા જતાં કિસ્સાઓને કારણે લોકોના આરોગ્ય પર ગંભીર અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

હડતાળ દરમિયાન વાપી વિભાગના મોટાભાગના મેડિકલ સ્ટોર્સ બંધ રાખવામાં આવશે. જોકે તાત્કાલિક અને જીવનરક્ષક દવાઓની જરૂરિયાત ધરાવતા દર્દીઓને મુશ્કેલી ન પડે તે માટે હોસ્પિટલ તેમજ કેટલીક મેડિકલ સ્ટોરમાં સેવાઓ ચાલુ રાખવા આવશે.એસોસિએશન દ્વારા સરકાર સમક્ષ ઓનલાઈન દવાના વેચાણ ઉપર કડક નિયમો અમલમાં મૂકવાની તેમજ નકલી દવાઓના ગેરકાયદે વેપાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. હડતાળને લઈ વાપી શહેર તેમજ આસપાસના વિસ્તારોના દવા વેપારીઓમાં પણ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

# વરલી મટકા ચલાવતા આરોપીઓએ આચરી કરોડોની છેતરપિંડી

**નવસારીની** બેંકમાં રૂપિયા ૨૧.૩૯ લાખના નકલી ગોલ્ડ લોન કૌભાંડમાં ખુલ્યું કનેક્શન

નવસારી : જલાલપોર વિસ્તારમાં આવેલી બેંક ઓફ બરોડામાં ખોટા સોનાના દાગીના ગીરવે મૂકી લાખોની ગોલ્ડ લોન મેળવવાના કૌભાંડમાં હવે વરલી મટકા કનેક્શન બહાર આવતા સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો છે. પોલીસ તપાસમાં ઝડપાયેલા આરોપીઓમાંથી રાજેશ પરમાર અને સુરેશ યાદવ વરલી મટકાનો ધંધો ચલાવતા હોવાનું સામે આવ્યું છે.

પોલીસ તપાસ મુજબ નવસારીના ગોપાલનગરમાં રહેતો રાજેશ પરમાર સમગ્ર એડ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર હોવાનું બહાર આવ્યું છે. નાણાંની જરૂરિયાત ઊભી થતાં રાજેશ પરમાર અને તેના સાગરીતો સુરત અથવા અમદાવાદના "જય" નામના વ્યક્તિ પાસેથી ડુપ્લિકેટ સોનાના દાગીના મંગાવતા હતા. ત્યારબાદ બેંક સાથે સંકળાયેલા સોની જીતેન્દ્ર કોરાટની મદદથી દાગીનાઓનું અસલી હોવાનું પ્રમાણપત્ર તૈયાર કરવામાં આવતું હતું.

આરોપીઓ બાદમાં આ ખોટા દાગીના બેંકમાં ગીરવે મૂકી ગોલ્ડ લોન મેળવી લેતા હતા. તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે રાજેશ પરમારે સુરેશ યાદવ, મૌલિક ટંડેલ અને રામસિંહ નિર્મલને નાણાંની લાલચ આપી તેમના નામે પણ ગોલ્ડ લોન લેવડાવી હતી. લોન લીધા બાદ તેની ભરપાઈ કરવામાં આવી નહોતી, જેના કારણે બેંકને વ્યાજ સહિત અંદાજે રૂપિયા 21.39 લાખનું નુકસાન થયું હોવાનું બહાર આવ્યું છે.આરોપીઓના રિમાન્ડ દરમિયાન પોલીસ બેંકના દસ્તાવેજો, ગોલ્ડ વેલ્યુએશન પ્રક્રિયા અને અન્ય સંડોવાયેલા લોકોની ભૂમિકાની તપાસ કરી રહી છે. જોકે રવિવારે બેંક બંધ હોવાથી તપાસની પ્રક્રિયા પર તાત્કાલિક બ્રેક લાગી હતી.

પોલીસ હવે એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે આ કૌભાંડ માત્ર એક જ બેંક પૂરતું મર્યાદિત હતું કે પછી અન્ય બેંકોમાં પણ ખોટા દાગીના ગીરવે મૂકી ગોલ્ડ લોન મેળવવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેરગામના જામનપાડામાં પાર્કિંગમાં ઊભેલા ડમ્પરમાં આગ ફાટી નીકળી



ખેરગામ : ખેરગામ તાલુકાના જામનપાડા ગામના ડુંગરી ફળિયા વિસ્તારમાં નિલેશ કન્સ્ટ્રક્શન કંપનીના પાર્કિંગમાં GJ-06-BX-1009 નંબરનું ડમ્પર પાર્ક કરેલું હતું. આ ડમ્પરમાં રાત્રિના સમયે કોઈ અગમ્ય કારણોસર અચાનક આગ લાગી ગઈ હતી. આગ એટલી ભીષણ હતી કે જોતજોતામાં ડમ્પરનો મોટાભાગનો હિસ્સો બળીને ખાખ થઈ ગયો હતો. આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. બનાવ અંગેની જાણ વિજયકુમાર ડોડીયારે ખેરગામ પોલીસ સ્ટેશનમાં કરી હતી.

### ખેરગામમાં નવી સરકારી લો કોલેજને વહીવટી મંજૂરી

ખેરગામ : ખેરગામમાં આવેલી આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન કોલેજના સંકુલમાં નવી સરકારી લો કોલેજ શરૂ કરવા રાજ્ય સરકારે વહીવટી મંજૂરી આપી દીધી છે. લો કોલેજ શરૂ કરાવવા માટે રૂઝવણીના ઈશ્વરલાલ પટેલ દ્વારા લાંબા સમયથી પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતાં. સરકાર દ્વારા મંજૂર થયેલ લો કોલેજમાં કુલ 9 જગ્યાઓને મંજૂરી આપવામાં આવી છે. જેમાં પ્રિન્સિપાલ-1, આસિસ્ટન્ટ પ્રોફેસર-4, ગ્રંથપાલ-1, પી.ટી.આઇ.-1 તથા સિનિયર ક્લાર્ક અને પટાવાળા માટે 2 જગ્યાઓ (આઉટસોર્સ આધારિત) સામેલ છે. કોલેજમાં ચાલુ શૈક્ષણિક સત્રથી જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. હાલમાં GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસ) પોર્ટલ પર રાજ્યની તમામ મંજૂર થયેલી કોલેજોને દર્શાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તાજેતરમાં વહીવટી મંજૂરી પ્રાપ્ત કરેલી કોલેજો પણ આગામી દિવસોમાં પોર્ટલની યાદીમાં સામેલ થઈ જશે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે. ખેરગામ ખાતે લો કોલેજ શરૂ થવાથી ખેરગામ, ચીખલી, વાંસદા, ધરમપુર અને ગણદેવી તાલુકાના વિદ્યાર્થીઓને પોતાના વિસ્તાર નજીક કાયદાનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની સુવિધા મળશે. અત્યાર સુધી વિદ્યાર્થીઓને લો અભ્યાસ માટે દૂર શહેરોમાં જવું પડતું હતું, પરંતુ હવે તેમને "ઘરના આંગણે" કાયદાનું શિક્ષણ ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે ઈશ્વરલાલ પટેલે જણાવ્યું હતું કે, આગામી બે વર્ષમાં આ લો કોલેજ ખાતે LL.M. (માસ્ટર ઓફ લો) નો અભ્યાસક્રમ શરૂ કરાવવા પણ પ્રયત્નો હાથ ધરવામાં આવશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ વિસ્તારમાંથી દર વર્ષે 50 થી વધુ વિદ્યાર્થીઓ વકીલ બની આત્મનિર્ભર અને પગભર બનશે, જે સમગ્ર વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે માઈલસ્ટોન સાબિત થશે.

### નવસારી જિલ્લામાં ધો.૧૨ની પૂરક પરીક્ષા માટે ૧૨૦૦થી વધુ ફોર્મ ભરાયા

નવસારી : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા ધોરણ-૧૨ની પૂરક પરીક્ષાના ઓનલાઇન ફોર્મ ભરવાની સમયમર્યાદા ૧૬ મે સુધી લંબાવવામાં આવતા નવસારી જિલ્લામાં ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ અરજી પ્રક્રિયા પૂર્ણ કરી હોવાનું જાણવા મળ્યું છે. બોર્ડના આ નિર્ણયથી અનુત્તીર્ણ અને ગુણ સુધારણા ઇચ્છતા વિદ્યાર્થીઓમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ સંસ્કૃત મધ્યમાના વિદ્યાર્થીઓ માટે યોજાનારી પૂરક પરીક્ષામાં એવા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે જેઓ એક અથવા વધુ વિષયોમાં નાપાસ થયા છે અથવા પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા. ઉપરાંત મુખ્ય પરીક્ષામાં પાસ થયેલા પરંતુ ગુણ સુધારણા ઇચ્છતા વિદ્યાર્થીઓને પણ ફરી તક આપવામાં આવી છે. શૈક્ષણિક વર્તુળોમાં માનવામાં આવી રહ્યું છે કે સમયમર્યાદામાં કરાયેલા વધારાથી ઘણા વિદ્યાર્થીઓને ઉતાવળ વગર અરજી કરવાની તક મળી છે, જેના કારણે મોટી સંખ્યામાં ફોર્મ ભરાયા છે. બોર્ડ દ્વારા તમામ શાળાઓને નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અરજી અને પરીક્ષા ફી ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ બોર્ડની સત્તાવાર વેબસાઇટ www.gseb.org તથા hscrenpurakreg.gseb.org પર જઈ ઓનલાઇન અરજી કરી શકશે. શિક્ષણવિદોનું માનવું છે કે પૂરક પરીક્ષા અનેક વિદ્યાર્થીઓ માટે એક શૈક્ષણિક વર્ષ બચાવવાની મહત્વપૂર્ણ તક સાબિત થશે.

# ઉમરગામના કલગામમાં બનનારી સાયન્સ કોલેજનું ખાતમુહૂર્ત

**સાયન્સ** કોલેજ માટે સરકારે 25 એકર જમીન ફાળવી, ભીલાડમાં બે છાત્રાલય પણ મંજૂર થયા



ઉમેશ સોલંકી

ઉમરગામ : નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ઉમરગામ તાલુકામાં કલગામ ખાતે રૂપિયા 15 કરોડના ખર્ચે નિર્માણ થનાર સાયન્સ કોલેજનુ ખાતમુહૂર્ત સમારોહ યોજાયો હતો.

કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વર્ષ 2001 ના ભુકંપ બાદ ગુજરાતનું સુકાન નરેન્દ્ર મોદીએ સંભાળ્યા બાદ રાજ્યના વિકાસ માટે અનેક આયામો શરૂ કર્યા હતા. રાજ્યનું નાગરિક સારું બને તે માટે કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી સહિતના અનેકવિધ અભિયાન શરૂ કરાવ્યા હતા.

સાંસદ ધવલ પટેલે આ સાયન્સ કોલેજ મંત્રી કનુભાઈ દેસાઈ અને ધારાસભ્ય રમણલાલ પાટકરના અથાગ પ્રયત્નથી નિર્માણ થવા જઈ રહી હોવાનું જણાવી ધન્યવાદ પાઠવ્યા હતા. ધારાસભ્ય રમણલાલ પાટકરે જણાવ્યું કે, શિક્ષણનું પ્રમાણ વધે તે માટે દરેક તાલુકામાં સાયન્સ, કોમર્સ અને આર્ટસ કોલેજ શરૂ કરવામાં આવે તેવી રાજ્ય સરકારે જાહેરાત કરી હતી જે આજે સાકાર થઈ રહી છે. કલગામમાં આજે આપણે જે સાયન્સ કોલેજનું ખાતમુહૂર્ત કરી રહ્યા છે તેનાથી કોસ્ટલ વિસ્તારના 17 ગામની 89000 વસ્તીને લાભ થશે. સરકારે કોલેજ માટે 25 એકર જમીન ફાળવી છે. આ સિવાય ભીલાડમાં રૂપિયા 60 લાખના ખર્ચે બે છાત્રાલય પણ મંજુર થઈ એમ જણાવ્યુ હતુ.

### સાયન્સ કોલેજમાં શુ સુવિધા હશે

નવનિર્માણ કોલેજ કુલ બે ફ્લોર (ગ્રાઉન્ડ ફ્લોર+2)માં હશે. મકાનનો કુલ બિલ્ટઅપ એરિયા 5807 ચો.મી. છે. કોલેજમાં લેબરૂમ, ક્લાસરૂમ, પ્રિન્સિપાલ ઓફિસ, સ્ટાફરૂમ, સેમિનાર હોલ, લાઇબ્રેરી, કમ્પ્યુટર રૂમ, મલ્ટી પર્પઝ હોલ, સ્ટોર સહિતની સુવિધા હશે. આ સિવાય એક્સ્ટ્રનલ સેનેટરી એરેન્જમેન્ટ, રેઇન વોટર હોવર્સ્ટિંગ, સંપ રૂમ, પંપ રૂમ, એન્ટ્રેન્સ તથા એક્ઝિટ ગેટ, ઈન્ટરનલ રોડ, પાર્કિંગ, કમ્પાઉન્ડ વોલ, ઇલેક્ટ્રિફિકેશન, ફર્નિચર વર્ક, ફાયર સેફ્ટી વર્ક કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

## વાપી જીઆઈડીસીની દુકાનના કંપાઉન્ડમાંથી લોખંડના તારના બંડલની ચોરી

વાપી : વાપી જીઆઈડીસીના સેકેન્ડ ફેઝમાં આવેલી સ્ટીલ સપ્લાયર્સની દુકાનના કંપાઉન્ડમાંથી તસ્કર રૂપિયા 38 હજારની કિંમતના લોખંડના તારના બંડલો ચોરી કરી ગયાની ફરિયાદ દુકાનદાર દ્વારા વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરવામાં આવી હતી. પારડી તાલુકાના ટુકવાડા અવધમાં રાજેશ લાધુરામ અરોડા (ઉં.52) રહે છે. તેઓની વાપી જીઆઈડીસી સેકેન્ડ ફેઝમાં અદવેત સ્ટીલ સપ્લાયર્સની દુકાન આવેલી છે. ગત તા.12-5-26 ના રોજ દુકાન બંધ કરી ગયા હતાં. બીજા દિવસે સવારે નવેક વાગ્યાની આસપાસ દુકાનમાં કામ કરનાર આવ્યો ત્યારે દુકાનના કંપાઉન્ડમાં મૂકેલ લોખંડ તથા લોખંડના તારના બંડલો ચોરી થઈ ગયા હોવાનું જણાતા તેણે ફોન કરીને કહ્યું હતું. જે બાદ દુકાનમાં તપાસ કરતા લોખંડના તારના 8 બંડલ કિંમત આશરે 38 હજારની ચોરી થઈ ગઈ હતી. તસ્કર કંપાઉન્ડની દિવાલ કૂદી ચોરી કરી ગયો હતો. આ બનાવ અંગેની ફરિયાદ રાજેશ અરોડાએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરી હતી.

# વીજ કરંટ લાગતા બીલીમોરાના કલમઠાના પ્રૌઢનું મોત

**કરંટ** લાગવાથી ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા અન્ય બે વ્યક્તિ હોસ્પિટલમાં સારવાર હેઠળ

બીલીમોરા : બીલીમોરા નજીકના ધકવાડા ગામે વેલ્ડિંગ કામ કરતી વખતે લોખંડની બારી જીવંત ઈલેક્ટ્રિક વાયરને અડી જતાં સર્જાયેલા ગંભીર અકસ્માતમાં એક પ્રૌઢનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં ચકચાર મચી ગઈ છે.

ગણદેવી તાલુકાના ધકવાડા ગામે આવેલી મહાવીર નગર સોસાયટીમાં શં કરભાઈ ધીરુભાઈ પટેલના મકાનમાં લોખંડની બારી લગાવવાનું વેલ્ડિંગ કામ ચાલી રહ્યું હતું. તારીખ ૧૭ મે ના રોજ બપોરે કામ દરમિયાન લોખંડની બારી અચાનક નજીકમાંથી પસાર થતા જીવિત ઈલેક્ટ્રિક વાયરને અડી ગઈ હતી. લોખંડની બારીમાં કરંટ ઉતરી આવતા ત્યાં કામ કરી રહેલા ત્રણ જણા તેની ચપેટમાં આવી ગયા હતા અને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ભોગ બનેલા કલમઠા ગામના લીમડ ફળિયાના રહીશ અરવિંદભાઈ પટેલ (ઉં.વ. ૫૬) ને બીલીમોરાની મેંગુશી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. જ્યારે કરંટ લાગવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા અન્ય બે વ્યક્તિઓ કલમઠાના કોન્ટ્રાક્ટર જીતેશભાઈ કૈલાશભાઈ પટેલ અને કોઠા ગામના રણછોડભાઈ ભગીયાભાઈ રાઠોડનો સમાવેશ થાય છે, તેમને બીલીમોરાની ગુપ્તા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે,

# સ્ટેમ્પ પેપર પર વધારાની વસૂલાત કરતું દંપતી ઝડપાયું

**નવસારીમાં પાવર** ઓફ એટર્ની, સોગંદનામું અને ભાડા કરારના સ્ટેમ્પ પર ૯૦ રૂપિયા વધુ લેતા હતા

નવસારી : નવસારી કોર્ટ સામે આવેલા ચાણક્ય એપાર્ટમેન્ટ સ્થિત એક સીએસસી સેન્ટર પર સ્ટેમ્પ પેપરના નિયત સરકારી દર કરતાં વધુ રકમ વસૂલાતી હોવાની માહિતીના આધારે ACBએ દંપતીને ઝડપી પાડ્યું હતું.

જાગૃત નાગરિક તરીકે ડીકોયરે પાવર ઓફ એટર્ની, સોગંદનામું અને ભાડા કરાર માટે રૂપિયા ૫૦, રૂપિયા ૩૦૦ અને રૂપિયા ૭૦૦ના સ્ટેમ્પ પેપર ખરીદવા માટે સીએસસી સેન્ટર પર સંપર્ક કર્યો હતો. ત્રણેય સ્ટેમ્પ પેપરની કુલ સરકારી કિંમત રૂપિયા ૧૦૫૦ થતી હોવા છતાં કરિશ્મા કાનકાંટેએ કુલ રૂપિયા ૧૧૪૦ વસૂલ્યા હતા. વધારાની રકમ લેવામાં આવી હોવાનું સામે આવતા એસીબીની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે તુકારામ મધુકરભાઈ કાનકાંટે, જેઓ સ્ટેમ્પ વેન્ડર તરીકે લાયસન્સ ધરાવે છે, તેઓએ પોતાના નામના સીએસસી લાયસન્સનો ઉપયોગ પત્નીને વેપાર માટે કરવા આપ્યો હતો.

સમગ્ર કાર્યવાહી નવસારી એસીબી પી.આઈ. એન.બી. સોલંકી અને તેમની ટીમે મદદનીશ નિયામક બી.એમ. પટેલ તથા ઇન્ચાર્જ નાયબ નિયામક હરેશ મેવાડાના માર્ગદર્શન હેઠળ હાથ ધરી હતી.